# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

**(વેબસાઈટ એડ્રેસ : https://gsssb.gujarat.gov.in)**

---

## જાહેરાત ક્રમાંકઃ ૩૦૧/૨૦૨૫૨૬

**મહેસુલ તલાટી, વર્ગ–૩ સંવર્ગની પ્રાથમિક પરીક્ષાની PROVISIONAL ANSWER KEY (PAK) અને વાંધાસૂચનો મંગાવવા બાબત**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જાહેરાત ક્રમાંક:૩૦૧/૨૦૨૫૨૬ મહેસુલ તલાટી, વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતીની પ્રથમ તબક્કાની પ્રાથમિક પરીક્ષા તા:૧૪/૦૯/૨૦૨૫ના રોજ બપોરે ૧૪:૦૦ થી ૧૭:૦૦ કલાકે આયોજીત કરેલ હતી. **આ પ્રાથમિક પરીક્ષાની PROVISIONAL ANSWER KEY (PAK) આ સાથે જાહેર કરવામાં આવે છે.**

વધુમાં આ પ્રોવિઝનલ આન્સર કી સંદર્ભે ઉમેદવારો દ્વારા કોઈ વાંધા સુચનો આપવાના થતા હોય તો ઉમેદવારોએ **તા.૧૫/૦૯/૨૦૨૫ થી તા.૨૨/૦૯/૨૦૨૫ (૨૩:૫૯ કલાક) સુધી આ સાથે સામેલ લીંક પર અપલોડ કરવાના રહેશે.** વાંધા **ફક્ત ઓનલાઈન** ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ–મેઈલ કે અન્ય કોઈ રીતે મંડળને મોકલવામાં આવેલ વાંધા સુચન ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા સૂચન કરવા માટેની સ્ટેપ બાય સ્ટેપ ગાઈડ આ સાથે સામેલ છે.

- **ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં.**

**(1)** વાંધા ફક્ત ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ–મેઈલ કે અન્ય કોઈ રીતે મંડળને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

**(2)** ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્ન પુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્ન પત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

**(3)** વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

**Website link for online objection submission system:**
https://www.gsssb.co.in/GSSSB_TRACK/

**મહેસુલ તલાટી, વર્ગ-૩ સંવર્ગની ભરતી માટેની પ્રાથમિક પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા સૂચન કરવા માટેની સ્ટેપ બાય સ્ટેપ ગાઈડ.**

1. પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો ઓનલાઇન વાંધા સૂચન **તા.૧૫/૦૯/૨૦૨૫ થી તા.૨૨/૦૯/૨૦૨૫ (૨૩:૫૯ કલાક)** સુધી કરી શકાશે.
2. પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો વાંધા સુચન ઓનલાઇન કરવા ફરજિયાત છે. પત્ર દ્વારા રજૂ કરેલ વાંધા સૂચા ધ્યાને લેવામાં આવશે નહીં.
3. પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ ઓન લાઇન વાંધા સૂચન રજૂ કરી શકે છે.
4. ઉમેદવાર એક કરતાં વધુ પ્રશ્નો માટે વાંધા સૂચન રજૂ કરી શકશે.
5. પ્રોવિઝનલ આન્સર કી માસ્ટર પ્રશ્નપત્રના પ્રશ્ન ક્રમાંક મુજબની છે, તેથી તે પ્રમાણે ઉમેદવારે પ્રશ્ન સામે વાંધા સૂચન ઓનલાઇન સબમિટ કરવાના રહેશે.

**STEP 1: આ લિંક પર ક્લિક કરો.** https://www.gsssb.co.in/GSSSB_TRACK/




**STEP 2: રોલ નંબર, કન્ફર્મેશન નંબર, જન્મ તારીખ, અને ઈમેજ ટેક્ષ્ટ ટાઈપ કરી Login બટન પર ક્લિક કરો.**

**STEP 3: જે પ્રશ્ન સામે વાંધા સૂચન કરવા હોય તે પ્રશ્ન સિલેક્ટ કરી, તમારા મંતવ્ય મુજબનો જવાબ સિલેક્ટ કરો.**

**નોંધ : એક કરતાં વધુ જવાબ પણ સિલેક્ટ કરી શકાશે.**

**જો બધા વિકલ્પ ખોટા હોય તો X સિલેક્ટ કરો.**

**છાપકામમાં ભૂલમાં P સિલેક્ટ કરો.**

**તે પછી તમારી રજૂઆત ૧૦૦૦ અક્ષરની મર્યાદામાં ટાઈપ કરો.**

**પ્રોવિઝનલ આન્સર કી અંગે ઉમેદવારના વાંધા/સૂચનો**

**જાહેરાત ક્રમાંક :-** 301/202526

Download Master Question Paper

1. Please Upload File only in **pdf format**
2. Size must be between **1kb to 1.5MB.**

## Upload Files

**આધાર પૂરાવાની ફાઈલ ફક્ત PDF ફોર્મેટમાં જ અપલોડ કરવાની રહેશે.**
**ફાઈલ 1kb થી 1.5mb સાઈઝ ની જ અપલોડ કરી શકાશે.**

ઉમેદવારનો બેઠક ક્રમાંક/ RollNo.:- 301233602

| Que. No. of Master Answer Key / મુખ્ય પ્રશ્નપત્રનો પ્રશ્ન ક્રમાંક | Candidate's suggested Answer | | | | |
|---|---|---|---|---|---|
| Select | A | B | C | D | X (All options are wrong)/ સદર પ્રશ્નના આપેલ તમામ વિકલ્પ ખોટા છે. P (Printing Error) / છાપ કામમાં ભૂલ છે. |
| Question | | | | | |
| Provisional Answer | | | | | |
| Description(maximum 1000 characters) | | | | | |

| | |
|---|---|
| **સંદર્ભ/માહિતી સ્ત્રોત (નકલ બીડવી)** | |
| Name of the book | |
| Page No. | |
| Author | |
| Name and address of publisher | |
| Year of Publication | |
| Website | |
| **File** Choose File no file selected રજુઆત અંગેના આધાર પુરાવા(PDF અપલોડ કરવી) | Upload & Submit |

**ઉમેદવારે એકવાર પ્રશ્ન ક્રમાંક સામે ફાઇલ અપલોડ અને સબમિટ કર્યા પછી તેમાં કોઇ પણ જાતના સુધારા-વધારા કે ડીલીટ કરી શકશે નહી.**

**Your Submitted Files**
**Roll No. :** 301233602

No Files uploaded

No record found

Logout Print

**Note :**

1. Please upload File only in PDF Format
   આધાર પૂરાવાની ફાઈલ ફક્ત PDF ફોર્મેટમાં જ અપલોડ કરવાની રહેશે.
2. Size must be between 1kb to 1.5mb
   ફાઈલ 1kb થી 1.5mb સાઈઝ ની જ અપલોડ કરી શકાશે.
3. અરજી સબમીટ કર્યા બાદ પ્રિન્ટ લઈ શકાશે.
4. Maximum 3 pages can be uploaded
   મહત્તમ 3 (ત્રણ) પૃષ્ઠ અપલોડ કરી શકાશે.
5. આધાર પુરાવા અપલોડ નહીં કર્યેથી વાંધા અરજી સબમીટ થશે નહી.
6. ઉમેદવારે એકવાર પ્રશ્ન ક્રમાંક સામે ફાઇલ અપલોડ અને સબમિટ કર્યા પછી તેમાં કોઇ પણ જાતના સુધારા-વધારા કે ડીલીટ કરી શકશે નહી.

તમારી રજૂઆતના સંદર્ભમાં પુરાવા તરીકે પુસ્તકનું નામ, પૃષ્ઠ નંબર, લેખકનું નામ, પ્રકાશકનું નામ/સરનામું, પ્રકાશનનું વર્ષ દાખલ કરો.

ત્યાર બાદ વધુમાં વધુ ૩ પાનાની અને મહત્તમ 1.5 MB ની મર્યાદામાં PDF ફાઇલ આધાર પુરાવા તરીકે અપલોડ કરો અને Upload & Submit બટન પર ક્લિક કરો.

**તારીખ: ૧૫/૦૯/૨૦૨૫**
**સ્થળ: ગાંધીનગર**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

This Question Booklet Contains 32 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 32 છાપેલા પાનાં છે.

પ્રશ્નપુસ્તિકા નંબર

# GAP-2025

પ્રશ્નપુસ્તિકા કોડ

**M**

ઉમેદવારનો બેઠક નંબર

| | | | |
|---|---|---|---|
| કુલ પ્રશ્નો | : 200 | Total Que. | : 200 |
| કુલ ગુણ | : 200 | Total Marks | : 200 |
| સમય | : 180 મિનિટ | Time | : 180 Minutes |

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

(01) આ પ્રશ્નપત્રમાં કુલ 200 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે OMR ઉત્તરપત્રમાં વિકલ્પ E આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

A) સરદાર પટેલ B) સુભાષચંદ્ર બોઝ

C) મહાત્મા ગાંધી D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ ઘાટું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટુ કરવા બાબતની સૂચના OMR ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(02) **1 થી 200 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.**
ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(03) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(04) ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પણ ઘાટુ (encode) કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપુસ્તિકાનો કોડ નિયત જગ્યાએ લખીને તેની સાથે આપેલ વર્તુળ પણ ઘાટુ (encode) કરવાનું રહેશે. લખેલી વિગતો અને ઘાટુ (encode) કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(05) દરેક પ્રશ્નના સાચા જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવેલ છે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબ ને પસંદ કરવાનો રહેશે. સાચા જવાબ દીઠ એક ગુણ આપવામાં આવશે અને કોઈ પ્રશ્ન રદ થવાના સંજોગોમાં તે પ્રશ્નના ગુણની પ્રો-રેટા મુજબ અન્ય પ્રશ્નો વચ્ચે વહેંચણી કરી તે મુજબ ગુણ આપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબ દીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબ દીઠ, OMR ની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબ દીઠ પ્રશ્નને ફાળવેલ ગુણના 1/4 ગુણની કપાત કરવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું (Encode) કરશે તો 1/4 ગુણ કાપવામાં આવશે નહિં.

(06) પ્રશ્નપત્ર તથા OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ ક્ર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(07) ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(08) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(09) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત ક્ર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

**001.** નીચેના પૈકી ક્યો વિકલ્પ રૂઢિપ્રયોગ, ''ડિંગ થઈ જવું'' નો સાચો અર્થ છે?

(A) છોભીલા પડી જવું
(B) આઘાત લાગવો
(C) આશ્ચર્યચકિત થઈ જવું
(D) ગુસ્સે થવું

**002.** નીચેના પૈકી કયો વિકલ્પ રૂઢિપ્રયોગ, ''તુરિયાનો તાર જાગી ઊઠવો'' નો સાચો અર્થ છે?

(A) પ્રસન્ન થવું
(B) સમજણ શક્તિનો ઉદય થવો
(C) દયા આવવી
(D) ભગવાનને પ્રાર્થના કરવી

**003.** નીચેના પૈકી ક્યો વિકલ્પ ''બકરી આદુ ખાતા શીખી'' કહેવતનો સાચો અર્થ છે?

(A) સજ્જનનો સંગ કરવાથી સારી આદતો શીખાય છે.
(B) અક્કલ વગરની વ્યક્તિનો સંગ ના કરાય.
(C) નબળી વ્યક્તિ પણ સમય આવે હોંશિયાર થઈ જાય છે.
(D) પરસ્પર સહકાર આપવાથી અશક્યને શક્ય બનાવી શકાય છે.

**004.** નીચેના પૈકી ક્યો વિકલ્પ ''આપવો દોકડો ને લેવો બોકડો'' કહેવતનો સાચો અર્થ છે?

(A) ઓછી કિંમત આપીને મોટી વસ્તુ લેવી
(B) ઘોડો આપીને બકરી લેવી
(C) નાનું દુઃખ આપી મોટું દુઃખ લેવું
(D) આળસુ રહેવું ને ઉપરથી દાદાગીરી કરવી

**005.** ''વિચાર વૈભવ'' ક્યો સમાસ છે?

(A) દ્વન્દ્
(B) કર્મધારય
(C) ઉપપદ
(D) તત્પુરૂષ

**006.** ''ભીખમંગો'' ક્યો સમાસ છે?

(A) ઉપપદ
(B) દ્વન્દ્
(C) તત્પુરૂષ
(D) કર્મધારય

**007.** ''લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી'' - ક્યો છંદ છે?

(A) શિખરિણી
(B) મંદાક્રાન્તા
(C) અક્ષરમેળ
(D) માત્રામેળ

**008.** ''છાયા તે વડના જેવી, ભાવ તો નંદના સમા
દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય.'' - ક્યો છંદ છે?

(A) મંદાક્રાન્તા
(B) માત્રામેળ
(C) અનુષ્ટુપ
(D) શિખરિણી

009. ''છે મતવાલી, નથી નમાલી, નવા લોહીની લાલી'' - ક્યો અલંકાર છે?

(A) શ્લેષ
(B) શબ્દાનુપ્રાસ
(C) અનન્વય
(D) સજીવારોપણ

010. ''લળીલળીને હેત કરતા વાંસનાં ઝૂંડના ઝૂંડ'' - ક્યો અલંકાર છે?

(A) સજીવારોપણ
(B) શ્લેષ
(C) શબ્દાનુપ્રાસ
(D) અનન્વય

011. ''શરીરે મોટું પણ અક્કલમાં ઓછું'' - શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે?

(A) વમળ
(B) ખોભણ
(C) જડસુ
(D) પ્રપાત

012. ''અડધી ઉંમરે પહોંચેલું'' - શબ્દસમૂહ માટે એક શબ્દ ક્યો છે?

(A) વરિષ્ઠ
(B) આધેડ
(C) વૃધ્ધ
(D) વયોવૃધ્ધ

013. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે?

(A) નિરામીષ
(B) નીષ્ફળ
(C) વિસજર્ન
(D) દુષ્કાળ

014. નીચેના પૈકી ક્યા વાક્યમાં લેખન/ભાષા શુધ્ધિ જોવા મળે છે?

(A) સાંજે કાર્યાલય છ વાગે બંધ થાય છે.
(B) શેઠે કારખાનામાં કામ કરતા મજૂરોને બોલાવ્યા.
(C) અમને દાદીમાં ખૂબ વહાલા હતા.
(D) ધોધનું એ મનોરમ્ય દશ્ય મને હજૂ પણ યાદ છે.

015. નીચેના પૈકી ક્યો વિકલ્પ સાચો છે?

(A) તદનુસાર - તદ્ + અનુસાર
(B) સચ્ચરિત્ર - સત્ + ચરિત્ર
(C) દિગંબર - દિગ્ + અંબર
(D) વાક્પતિ - વાત્ + પતિ

016. નીચેના પૈકી ક્યો વિકલ્પ સાચો છે?

(A) રત્ન + આકર - રત્નાકર
(B) સદ્ + ઉપયોગ - સદુપયોગ
(C) સત્ + ઉત્સવ - સત્રોત્સવ
(D) ઉત્તરા + આયન - ઉત્તરાયણ

017. નીચેના પૈકી ક્યો ''હેમ'' નો સમાનાર્થી શબ્દ છે?

(A) આળ
(B) કનક
(C) હિંમત
(D) શાહી

018. નીચેના પૈકી ક્યો "કાષ્ઠ" નો સમાનાર્થી શબ્દ છે?

(A) પિત્તળ
(B) લોખંડ
(C) લાકડાં
(D) હાડકાં

019. નીચેના પૈકી ક્યો "સ્નિગ્ધ"નો વિરૂધ્ધાર્થી શબ્દ છે?

(A) કોમળ
(B) ઘાતકી
(C) કઠણ
(D) ગાફેલ

020. નીચેના પૈકી ક્યો "દુર્ગમ" નો વિરૂધ્ધાર્થી શબ્દ છે?

(A) અગમ
(B) નિગમ
(C) સુગમ
(D) સદ્‌ભાગ્ય

021. People who ________ items made of plastic and paper ________ the world's resources.

(A) Haven't been recycling / were wasting
(B) don't recycle / are wasting
(C) aren't recycling / wasted
(D) haven't recycled / wasted

022. I ________ to see you tomorrow, but now I find I can't.

(A) will come
(B) come
(C) was coming
(D) am coming

023. The department has already declared all the details of the investigation. *(Change the voice)*

(A) All the details of the investigation have already been declared by the department.
(B) All the details of the investigation has already been declared by the department.
(C) All the details of the investigation had already been declared by the department.
(D) All the details of the investigation were already been declared by the department.

024. Who told her such things? *(Change the voice)*

(A) Who was she told such things by?
(B) She was told such things by who?
(C) By whom was she told such things?
(D) By whom she was told such things?

**025.** He asked me,"Are you going to the musical evening tomorrow?" *(Change the narration)*

(A) She asked me whether I was going to the musical evening the next day.

(B) She asked me whether you are going to the musical evening the next day.

(C) She asked me whether I have gone to the musical evening the next day.

(D) She asked me whether I had gone to the musical evening the next day.

**026.** He said to me," I expect you to attend my birthday party." *(Change the narration)*

(A) He told me that he expected me to attend my birthday party.

(B) He told me that he had expected me to attend my birthday party.

(C) He told me that he expected me to attend his birthday party.

(D) He told me that he expects me to attend my birthday party.

**027.** Scoring in Statistics subject is easy. *(Transform from affirmative to negative)*

(A) Scoring in Statistics is not easy.

(B) Scoring in Statistics is not difficult.

(C) Scoring in Statistics is not easy as you think.

(D) Scoring in Statistics has been always easy.

**028.** He purchased ________ LCD television.

(A) no article (B) a

(C) the (D) an

**029.** ________ copies of documents are still to be submitted.

(A) Few (B) A few

(C) Much (D) Little

**030.** Do you know the reason ________ his absence?

(A) of (B) for

(C) on (D) in

**031.** He caught dengue ________ he was working on a construction site.

(A) while (B) during

(C) by the time (D) as soon as

**032.** The kids performed ________ before a large audience.

(A) enthuse (B) enthusiasm

(C) enthusiastic (D) enthusiastically

**033.** My college is farther than ________ .

(A) she (B) her

(C) hers (D) her's

**034.** Select the correct meaning of *'go off at a tangent'*

(A) change the subject immediately

(B) praise others

(C) praise himself

(D) speak truth without fear

**035.** Choose the synonym of 'lethargic'.

(A) tired (B) courageous

(C) animated (D) vigorous

**036.** Choose the correct antonym of 'adorable.'

(A) charming (B) gorgeous

(C) hateful (D) engaging

**037.** Choose the correct one-word substitution of *'a small shelter for a dog.'*

(A) Shelf (B) Canal

(C) Kennel (D) Ledge

**038.** Choose the correct one-word substitution of *'One who feeds on human flesh.'*

(A) Cannibal (B) Bohemian

(C) Ascetic (D) Aesthetic

**039.** We should be well aware of the ________ present threat of natural disasters. *(Select the correct prefix)*

(A) ap (B) omni

(C) de (D) en

**040.** I had ________ there for some time before getting up.

(A) lain (B) lied

(C) lie (D) lad

**041.** બંધારણ સભાના પ્રથમ વચગાળાના અધ્યક્ષ કોણ હતા?

(A) બી.એન. રાવ (B) ડૉ. સચ્ચિદાનંદ સિન્હા

(C) શ્યામા પ્રસાદ મુખર્જી (D) રામ મનોહર સિન્હા

042. બંધારણમાં નાગરિકત્વનો ખ્યાલ નીચેના પૈકી ક્યા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યો છે?

(A) બ્રિટન
(B) રશિયા
(C) અમેરિકા
(D) ફ્રાન્સ

043. શોષણ સામેના હક બાબતે નીચેના પૈકી કયું સાચું છે?

(A) મનુષ્ય-વેપાર અને વેઠનો પ્રતિબંધ
(B) કોઈપણ ખાસ ધર્મના પ્રચાર માટે કર ચૂકવવાની સ્વતંત્રતા
(C) લઘુમતીઓના હિતોનું રક્ષણ
(D) કાયદા સમક્ષ સમાનતા

044. બંધારણના અનુચ્છેદ 333ની જોગવાઈઓ અનુસાર દરેક રાજ્યની વિધાનસભામાં 500થી વધુ અને ________ થી ઓછાં સભ્યો નહીં હોય.

(A) 30
(B) 40
(C) 50
(D) 60

045. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે હોદ્દો ધરાવી ચૂકેલી વ્યક્તિ નીચેના પૈકી ક્યાં વકીલાત કરી શકશે?

(A) ફક્ત સર્વોચ્ચ અદાલતમાં
(B) અગાઉ ન્યાયાધીશ તરીકે હોદ્દો ધારણ કર્યો ના હોય તેવી કોઈ પણ રાજ્યની વડી અદાલતમાં.
(C) દેશમાં આવેલ તમામ વડી અદાલતોમાં.
(D) કોઈ સત્તાધિકારી અથવા અદાલત સમક્ષ વકીલાત કરી શકશે નહીં.

046. સંવિધાનના અર્થઘટન બાબતમાં કાયદાનો તાત્વિક પ્રશ્ન સમાયેલો હોય તેવી બાબતોનો નિર્ણય કરવાના હેતુ માટે સર્વોચ્ચ અદાલતમાં બેસનારા ન્યાયાધીશોની સંખ્યા ઓછામાં ઓછી ________ રહેશે.

(A) 3
(B) 4
(C) 5
(D) 6

047. ભારતમાં એટર્ની જનરલ બાબતે નીચેના પૈકી ક્યું વિકલ્પ સાચું છે?

(A) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે તે રીતે અને તે કારણે તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.
(B) તેઓ ફક્ત રાજ્યસભામાં હાજરી આપી શકે છે તેમજ પોતાનો મત આપી શકે છે.
(C) રાષ્ટ્રપતિ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમાવાને લાયક હોય તેવી કોઈ વ્યક્તિને ભારતના એટર્ની જનરલ તરીકે નીમી શકે છે.
(D) દર્શાવેલ તમામ

048. નીચેના પૈકી કઈ અર્ધ-ન્યાયિક સંસ્થા નથી?

(A) કેન્દ્રીય તકેદારી આયોગ

(B) સંઘ જાહેર સેવા આયોગ

(C) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ

(D) દર્શાવેલ તમામ

049. ________ સમિતિએ ભલામણ કરી કે પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય દરજ્જો આપવો જોઈએ.

(A) એલ. એમ. સિંઘવી સમિતિ

(B) બળવંતરાય મહેતા સમિતિ

(C) જી.વી.કે. રાવ સમિતિ

(D) અશોક મહેતા સમિતિ

050. "સુકન્યા સમૃધ્ધિ યોજના" હેઠળ ખાતુ ખોલાવવા માટે દીકરીની મહત્તમ ઉંમર ______ વર્ષ છે.

(A) 5

(B) 7

(C) 8

(D) 10

051. ગુજરાત સરકારના ક્યા વિભાગ દ્વારા "સેમિકન્ડક્ટર પોલિસી" જાહેર કરવામાં આવી છે?

(A) ઉદ્યોગ અને ખાણ વિભાગ

(B) નાણાં વિભાગ

(C) વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ

(D) બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

052. "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" નીચેના પૈકી કઈ બાબત લગતી છે?

(A) વીજળી જોડાણ

(B) સૌર શક્તિ

(C) એલ.પી.જી. જોડાણ

(D) કૌશલ્ય વિકાસ

053. નીચેના પૈકી કયો "માનવ ગરિમા યોજના"નો હેતુ છે?

(A) વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે નાણાં-સહાય આપવામાં આવે છે.

(B) નાનો ધંધો - રોજગાર કરવા ઈચ્છુક હોય તેવી વ્યક્તિઓને સ્વરોજગારીના ધંધા-રોજગાર અનુરૂપ કિટ્સ આપવામાં આવે છે.

(C) 21 વર્ષ કે તેથી વધુ વર્ષના પુત્ર ન હોય અને જેની ઉંમર 60 વર્ષ કે તેથી વધુ ઉંમરની હોય તેવા નિરાધાર વૃધ્ધને પેન્શન આપવામાં આવે છે.

(D) જેલમાં 5 વર્ષ કે તેથી વધુ સજા થયેલ હોય તેવા કેદીઓને જો તેઓ જ કુટુંબના કમાનાર મુખ્ય કે એક માત્ર વ્યક્તિ હોય તો એક જ વખતની ₹25,000/- ની સહાય આપવામાં આવે છે.

054. નીચેના પૈકી કઈ સંસ્થા જાહેર માહિતી અધિકાર અધિનિયમ, 2005નાં દાયરામાં આવે છે?

(A) નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો

(B) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ

(C) સંશોધન વિશ્લેષણ પાંખ

(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

055. ભારત સરકારના "રાષ્ટ્રીય સુશાસન કેન્દ્ર" - NCGG (National Centre for Good Governance) બાબતે નીચેના પૈકી કયું વિકલ્પ સાચું છે?

(A) NCGG ની સ્થાપના ભારત સરકાર દ્વારા કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય હેઠળ એક સર્વોચ્ચ સ્તરની સ્વાયત્ત સંસ્થા તરીકે કરવામાં આવી હતી.

(B) NCGG કાયદાના શાસન, પારદર્શિતા અને શાસનમાં જનભાગીદારીને પ્રોત્સાહન આપે છે.

(C) A અને B બન્ને

(D) A અને B પૈકી કોઈ નહીં.

056. સ્વતંત્રતા પૂર્વેના ભારતીય અર્થતંત્ર બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) ભારત મૂડીગત માલ(Capital goods)નુ ચોખ્ખુ નિકાસકાર હતું.

(B) ભારત પ્રાથમિક ઉત્પાદનો(Primary goods)નુ ચોખ્ખુ નિકાસકાર હતું.

(C) ભારત ઔદ્યોગિક ઉત્પાદનો(Industrial Products)નુ ચોખ્ખુ નિકાસકાર હતું.

(D) દર્શાવેલ તમામ

057. 1991ના સુધારા દરમ્યાન ________ સિવાયના મોટાભાગના ઉદ્યોગો માટે ઔદ્યોગિક લાઈસન્સ નાબુદ કરવામાં આવ્યું હતું.

(A) સ્ટીલ
(B) ફૂડ પ્રોસેસિંગ
(C) દારૂ
(D) દર્શાવેલ તમામ

058. શ્વેત ક્રાન્તિની શરૂઆત ________ માં થઈ હતી.

(A) 1960
(B) 1970
(C) 1980
(D) 1985

059. નીચેના પૈકી કઈ કૃષિ-સંશોધન કરતી સંસ્થા છે?

(A) ICAR
(B) CIBRC
(C) NABARD
(D) IARA

060. "મેક ઈન ઈન્ડિયા" નીતિની શરૂઆત ________ માં કરવામાં આવી.

(A) 2010
(B) 2021
(C) 2014
(D) 2016

061. નીચેના પૈકી કયા ઉદ્યોગો ભારતના આઠ મુખ્ય ઉદ્યોગોનો ભાગ નથી?

(A) કોલસો, ક્રુડ ઓઈલ અને કુદરતી વાયુ

(B) સ્ટીલ, સિમેન્ટ અને વિજળી

(C) ખાણકામ અને ફાર્માસ્યુટિકલ

(D) ખાતર અને રિફાઈનરી

062. ભારતમાં ________ ક્ષેત્રમાં ઉર્જાનો વપરાશ સૌથી વધુ છે.
(A) ઔદ્યોગિક
(B) પરિવહન
(C) આરોગ્ય
(D) તૃતીય

063. પશ્ચિમ રેલ્વેનું વડુ મથક ________ છે.
(A) અમદાવાદ
(B) રતલામ
(C) મુંબઈ
(D) વડોદરા

064. ગુજરાતમાંથી આસામ રાજ્યમાં માલ પહોંચાડવાના કિસ્સામાં નીચેના પૈકી ક્યો કર લાગુ પડશે?
(A) CGST
(B) IGST
(C) SGST
(D) UTGST

065. નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?
(A) જ્યારે અર્થતંત્રમાં ફુગાવો હોય ત્યારે RBI બેન્ક રેટ વધારી નાણાંનો પુરવઠો ઘટાડે છે જેથી ફુગાવો ઓછો થાય.
(B) જ્યારે અર્થતંત્રમાં ફુગાવો હોય ત્યારે RBI બેન્ક રેટ ઘટાડી નાણાંનો પુરવઠો ઘટાડે છે જેથી ફુગાવો ઓછો થાય.
(C) A અને B બંને
(D) A અને B પૈકી કોઈ નહીં.

066. નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ બિન આયોજિત ખર્ચ (યોજનામાં ન હોય તેવા)માં થાય છે?
i. રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતું અનુદાન અને સહાય
ii. સંરક્ષણ પાછળ થતું ખર્ચ
iii. પેન્શન, પગાર વગેરે
(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

067. નીતિ આયોગ (NITI Aayog) - નું આખું નામ ________ છે
(A) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ઈન્ડિયા
(B) નેશનલ ઈન્ફોરમેશન એન્ડ ટેક્નોલોજીકલ ઈનોવેશન
(C) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા
(D) નેશનલ ઈન્ફોરમેશન થિન્ક ટેંક ઓફ ઈન્ડિયા

068. ભારતમાં ટેલિકોમ્યુનિકેશન સંબંધિત તમામ બાબતોમાં ભારત સરકારની નીતિઓ માટે ________ ની રચના કરવામાં આવી છે.
(A) ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા
(B) ટેલિકોમ સલાહકાર સમિતિ
(C) ભારતીય ટેલિકોમ અને સાયબર આયોગ
(D) ડિજિટલ કોમ્યુનિકેશન કમિશન

069. નીચેના પૈકી કયું ખાદ્ય સુરક્ષાનું ઘટક નથી?

(A) ઉપલબ્ધતા
(B) પોષણક્ષમતા
(C) સુલભતા
(D) ટકાઉપણું

070. ગુજરાતમાં નીચેના પૈકી કયા આંતરરાષ્ટ્રીય હવાઈમથક છે?

i. રાજકોટ
ii. વડોદરા
iii. સુરત

(A) ફક્ત i અને ii
(B) ફક્ત i અને iii
(C) ફક્ત ii અને iii
(D) દર્શાવેલ તમામ

071. તાજેતરમાં સંશોધકોની એક ટુકડીએ ________ ખાતે 5,300 વર્ષ જૂની પ્રારંભિક હડપ્પા સમયગાળાની વસાહત શોધી કાઢી છે.

(A) સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી નજીક પરાળી ગામ
(B) કચ્છ જિલ્લાના લખપત નજીક લાખાપર ગામ
(C) જામનગર જિલ્લાના ધ્રોલ નજીક ખારવા ગામ
(D) સાબરકાંઠા જિલ્લાના તલોદ નજીક મોહનપુર ગામ

072. જૈન ધર્મના પાર્શ્વનાથ ભગવાને ચાર મહાવ્રતોનો ઉપદેશ આપ્યો હતો. ભગવાન મહાવીર સ્વામીએ એમાં ________ ને પાંચમા વ્રત તરીકે અલગ સ્થાન આપ્યું.

(A) અહિંસા
(B) સત્ય
(C) અપરિગ્રહ
(D) બ્રહ્મચર્ય

073. સોલંકી સમયના કુમારપાળ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. એના અનેક અભિલેખોમાં એને ‘‘ઉમાપતિવરલબ્ધપ્રસાદ’’ કહ્યો છે.
ii. 65 વર્ષની વયે એ સાંગ્રામિક વિજયોની લાલસા તજી ધાર્મિક અભ્યુદયના માર્ગે વળ્યો.
iii. તેણે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.
iv. તેણે કુલપરંપરાગત શૈવ ધર્મ ચાલુ રાખીને જૈન ધર્મ અંગીકાર કર્યો ન હતો.

(A) ફક્ત i, ii અને iii
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, iii અને iv
(D) દર્શાવેલ તમામ

074. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના નીચેના પૈકી કઈ વ્યક્તિઓએ ભાગ લીધો હતો?

i. મગન ભૂખણ (વૈષ્ણવ)
ii. ગરબડદાસ મુખી
iii. જોધા માણેક અને મુળુ માણેક

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

**075.** જોડકા જોડો

| **સમાજસુધારક** | | **પ્રદાન** | |
|---|---|---|---|
| i. | રાધા કાન્ત દેવ | a. | ‘‘પતિતોધ્ધાર સભા’’ની સ્થાપના કરી |
| ii. | હેન્રી ડીરોઝીયો | b. | ‘‘સ્વાધ્યાય’’ નામના પુસ્તકમાં ક્રિયાકાંડો અને વિધિ નિષેધો પ્રત્યે સખત નારાજગી વ્યક્ત કરી |
| iii. | ગોપાલ હરિ દેશમુખ | c. | ‘‘એકેડેમિક એસોસિયેશન’’ની સ્થાપના કરી |
| iv. | કરસનદાસ મૂળજી | d. | ‘‘રાસ્ત ગોફતાર’’માં સામાજિક કુરિવાજો પર વેધક પ્રહારો કરતાં લેખો લખ્યાં. |

(A) i - a, ii - b, iii - c, iv - d
(B) i - a, ii - c, iii - b, iv - d
(C) i - d, ii - b, iii - c, iv - a
(D) i - d, ii - c, iii - b, iv - a

**076.** નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. 1922ના ગયા અધિવેશનના પ્રમુખ ચિત્તરંજનદાસ અને તેના ટેકેદારો ધારાસભાની ચૂંટણીઓ લડી તથા તેમાં બહુમતી બેઠકો મેળવીને સરકારનાં કાર્યો થંભાવી દેવાના મતના હતાં.

ii. રાજગોપાલાચારી અને તેમના અન્ય સાથીદારોએ ધારાસભાના પ્રવેશના ઉપરોક્ત ઠરાવને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો.

iii. ચિત્તરંજન દાસે ‘‘ખિલાફત સ્વરાજ્ય પક્ષ’’ની સ્થાપના કરી જે પછીથી ‘‘સ્વરાજ્ય પક્ષ’’ના ટૂંકા નામે ઓળખાયો તેમજ મોતીલાલ નહેરુ, શ્રીનિવાસ આયંગર વગેરે નેતાઓએ ચિત્તરંજનદાસના પગલાને ટેકો આપ્યો.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

**077.** નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

Question is Cancelled

i. 1941માં નેતાજી સુભાષચંદ્ર બોઝને નજરકેદમાંથી ભારતથી ભાગી જવામાં સરદારસિંહ રાણાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ii. શ્યામજી કૃષ્ણ વર્મા દયાનંદ સરસ્વતીના પ્રશંસક હતા અને તેમણે લંડનમાં વીર સાવરકરને પ્રેરણા આપી હતી.

iii. મેડમ ભીખાજી કામા ગાંધીજીને લંડનની મુલાકાત દરમ્યાન મળ્યા અને એમના આદર્શોથી પ્રેરાઈને સ્વતંત્રતા ચળવળમાં ઝંપલાવ્યું.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

**078.** ગાંધીજીના અગિયાર મહાવ્રતો પૈકીના ‘‘અસ્તેય’’ મહાવ્રતનો નીચેના પૈકી ક્યો અર્થ થાય છે?

(A) સ્વાદ ત્યાગ
(B) ચોરી ન કરવી
(C) બ્રહ્મચર્ય
(D) સર્વ ધર્મ સમભાવ

079. ગૃહમંત્રી તથા દેશી રાજ્યખાતાના મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની સૂચના અનુસાર તેમના ખાસ સચિવ વી.પી. મેનન અને તેમના મદદનીશ ________ એ ખૂબ જ કુશળતાપૂર્વક રાજ્યોના જોડાણ ખતપત્રને લગતો મુસદ્દો તૈયાર કર્યો.

(A) એમ. ઓ. મથાઈ
(B) સી. સી. દેસાઈ
(C) નાનક ચંદ રત્તુ
(D) ડી. પી. ખૈતાન

080. ગાંધીવાદી ચળવળકાર ________ એ ડાંગ ગુજરાતમાં સમાવી લેવાની ભારે તરફેણ કરી જેના પરિણામે મહાગુજરાત આંદોલન બાદ ડાંગ ગુજરાતના ફાળે આવ્યું.

(A) ઘેલુભાઈ નાયક
(B) છોટુભાઈ પુરાણી
(C) જીવરાજ મહેતા
(D) દિનકર મહેતા

081. પૃથ્વીની ધરી તેની કક્ષા તરફ નમેલી છે અને તેની સાથે ________ નો ખૂણો બનાવે છે. ગાણિતિક રીતે એવું કહી શકાય કે પૃથ્વીની ધરી ________ નમેલી છે. આ ખૂણાને અક્ષીયનમન અથવા ધરીનમન કહે છે.

(A) $66.5^\circ$, $66.5^\circ$
(B) $66.5^\circ$, $23.5^\circ$
(C) $23.5^\circ$, $66.5^\circ$
(D) $23.5^\circ$, $23.5^\circ$

082. સામાન્ય રીતે પૃથ્વીની દર 1 કિ.મી.ની ઊંડાઈએ ________ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાનમાં વધારો થાય છે.

(A) $10^\circ$
(B) $20^\circ$
(C) $30^\circ$
(D) $40^\circ$

083. સૂર્યના પારજાંબલી કિરણોના સતત મારાને કારણે ________ ની હવાનું આયનીકરણ થતું હોવાથી આ આવરણને ‘‘આયનાવરણ’’ પણ કહે છે.

(A) ઉષ્માવરણ
(B) મધ્યાવરણ
(C) ક્ષોભ આવરણ
(D) સમતાપ આવરણ

084. ________, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમ સાથે લગભગ 1,643 કિ.મી. લાંબી મોટા ભાગની વાડ વગરની સરહદ ધરાવે છે.

(A) ભૂતાન
(B) મ્યાનમાર
(C) ચીન
(D) બાંગ્લાદેશ

085. ભૂમિખંડની નજીકના કાંધી જેવા ધીમા ઢાળવાળા, સપાટ અને પહોળા સમુદ્રતળના છીછરા ભાગને ________ કહે છે.

(A) ખંડીય છાજલી
(B) ખંડીય ઢાળ
(C) સમુદ્ર ખાઈ
(D) ગહન સમુદ્ર મેદાન

086. સાબરમતી, ખંભાતના અખાતને મળે છે ત્યાં તેનો પટ આશરે 7 કિ.મી. પહોળો થાય છે જે ________ તરીકે ઓળખાય છે.

(A) બેસાલ્ટની ખાડી
(B) કોપાલીની ખાડી
(C) તીથલનું મેદાન
(D) કોબાલ્ટનું મેદાન

087. ગુજરાતમાં ________ માં બોકસાઈટ સૌથી મોટા પ્રમાણમાં મળી આવે છે.

(A) બનાસકાંઠા અને સાબરકાંઠા
(B) અમરેલી અને જૂનાગઢ
(C) દાહોદ અને પંચમહાલ
(D) કચ્છ અને જામનગર

088. 2011ની વસ્તીગણત્રીના આંકડાઓ મુજબ ગુજરાતમાં ________ જિલ્લો સૌથી વધુ સાક્ષરતા દર ધરાવે છે.

(A) અમદાવાદ
(B) વડોદરા
(C) સુરત
(D) ગાંધીનગર

089. 2011ની વસ્તીગણત્રીના આંકડાઓ મુજબ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી અનુક્રમે ________ અને ________ છે.

(A) 40.74 લાખ (6.7%), 89.17 લાખ (14.8%)
(B) 40.74 લાખ (6.7%), 40.74 લાખ (6.7%)
(C) 89.17 લાખ (14.8%), 89.17 લાખ (14.8%)
(D) 89.17 લાખ (14.8%), 40.74 લાખ (6.7%)

090. આરસપહાણ ખડક ________ પ્રકારના ખડકનું દ્રષ્ટાંત છે.

(A) આગ્નેય
(B) પ્રસ્તર
(C) રૂપાંતરિત
(D) જ્વાળામુખીય

091. ભારતમાં મંદિરોની સ્થાપત્ય શૈલી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. નાગર શૈલીના મંદિરનું તલમાન મુખ્યતઃ ચોરસ હોય, પરંતુ એની દરેક બાજુમાં એક પછી એક નાના થતા જતા કેટલાક પ્રક્ષેપ કાઢવામાં આવે છે, આથી એ છેવટે તારાકાર દેખાય છે.
ii. દ્રાવિડ શૈલીના મંદિરોમાં ચોરસ ગર્ભગૃહને ફરતો ઢાંકેલો પ્રદક્ષિણાપથ રાખીને તેને ફરતો મોટો ચોરસ રાખવામાં આવે છે અને એની દીવાલની બહારની બાજુના અર્ધસ્તંભો વડે ગોખલા કાઢવામાં આવે છે.
iii. નાગર શૈલીના શિખરનો ઝોક આડો હોય છે જ્યારે દ્રાવિડ શૈલીના શિખરનો ઝોક ઊભો હોય છે.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

092. નીચેના પૈકી કઈ પદ્યકથાઓ શામળ ભટ્ટે લખી છે?

i. પદ્માવતી
ii. ભદ્રાભામિની
iii. પંચદંડ

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

093. ________ તહેવારમાં ખેડ્યા વિના ઉગાડેલું અનાજ ખાવાનો મહિમા છે.

(A) નાગ પાંચમ
(B) શીતળા સાતમ
(C) સામા પાંચમ
(D) શરદ પૂનમ

094. તરણેતરનો મેળો ________ ના મંદિર નજીક યોજાય છે.

(A) પાતાલેશ્વર મહાદેવ
(B) ત્રિનેત્રેશ્વર મહાદેવ
(C) ભગવાન દત્તાત્રેય
(D) ખીજડીયા હનુમાન

095. ભવાઈની શરૂઆત અસાઈત ઠાકર દ્વારા ________ લોકનાટ્ય કળા તરીકે થઈ.

(A) 10મી સદીમા
(B) 12મી સદીમા
(C) 14મી સદીમા
(D) 18મી સદીમા

096. ભવાઈ–ગીતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે?

i. દુહા
ii. છંદ
iii. રાસડા

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

097. જોડકા જોડો

| **લેખક** | | **કૃતિ** | |
|---|---|---|---|
| i. | મનુભાઈ પંચોળી – ‘‘દર્શક’’ | a. | લીલુડી ધરતી |
| ii. | પન્નાલાલ પટેલ | b. | જિગર અને અમી |
| iii. | ચુનીલાલ શાહ | c. | કુરુક્ષેત્ર |
| iv. | ચુનીલાલ મડિયા | d. | પડઘા અને પડછાયા |

(A) i - a, ii - b, iii - c, iv - d
(B) i - c, ii - d, iii - a, iv - b
(C) i - c, ii - d, iii - b, iv - a
(D) i - d, ii - c, iii - b, iv - a

098. માનવ સંસ્કૃતિનું સંગ્રહાલય – ‘‘ભારતીય સંસ્કૃતિ દર્શન’’ ક્યાં આવેલું છે?

(A) ભૂજ
(B) વડનગર
(C) અમદાવાદ
(D) વડોદરા

099. ________ ની વિશેષતા એ છે કે દર વર્ષે 22 માર્ચના દિવસે ઊગતા સૂર્યના પ્રથમ કિરણો તેના શિખર પરથી પસાર થાય છે અને મહાવીર સ્વામીના મસ્તક પર પડે છે.
(A) શંખેશ્વર જૈન તીર્થ
(B) શંખલપુર જૈન તીર્થ
(C) કોબા જૈન તીર્થ
(D) ચંદ્રમણિ જૈન તીર્થ

100. ડાંગમાં ________ નજીક અંબિકા નદી પર આવેલો ગિરા ધોધ નયનરમ્ય પર્યટક સ્થળ છે.
(A) બાલારામ
(B) વઘઈ
(C) સાપુતારા
(D) રાજપીપળા

101. યુનેસ્કો (UNESCO) દ્વારા પર્યાવરણ જાળવણી માટે નીચેના પૈકી કયો પુરસ્કાર (એવોર્ડ) આપવામાં આવે છે?
(A) સુલતાન કબુસ
(B) આદમ સ્મિથ
(C) જહોન મિલર
(D) અબ્રાહમ લિંકન

102. ________ મુખ્યત્વે પશ્ચિમી ઘાટના પશ્ચિમ ઢોળાવો પર તેમજ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં જોવા મળે છે.
(A) ઉષ્ણકટિબંધીય નિત્ય લીલાં અને અર્ધ-લીલાં જંગલો
(B) ઉષ્ણકટિબંધીય પાનખર જંગલો
(C) ઉષ્ણકટિબંધીય કાંટાળા જંગલો
(D) તટીય અને દલદલ જંગલો

103. એક શિંગી ભારતીય ગેંડા ________ ના જંગલોમાં જોવા મળે છે.
(A) આસામ
(B) મધ્યપ્રદેશ
(C) કેરળ
(D) દર્શાવેલ તમામ

104. નીચેના પૈકી કયો દેશ હાલ વિશ્વમાં સૌથી વધુ ગ્રીનહાઉસ વાયુ ઉત્સર્જિત કરે છે?
(A) અમેરિકા
(B) ચીન
(C) કેનેડા
(D) ભારત

105. નીચેના પૈકી કયું ''એસિડ વરસાદ''નું મુખ્ય કારણ છે?
(A) મિથેન
(B) ઓઝોન
(C) સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ડાયોક્સાઈડ
(D) કાર્બન ડાયોક્સાઈડ

106. ''રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ''ના વડા ________ છે.

(A) રાષ્ટ્રપતિ (B) ગૃહમંત્રી
(C) સંરક્ષણમંત્રી (D) વડાપ્રધાન

107. રિક્ટર સ્કેલ ભૂકંપને લગત ________ દર્શાવે છે.

(A) સમયગાળો (B) સ્થળ
(C) તીવ્રતા (D) ઊંડાણ

108. વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત ''ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ''ની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધનના મહત્ત્વના પગલારૂપે ________ સ્થિત સાઈટને ગુજરાતની પ્રથમ ''બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ'' તરીકે જાહેર કરવામાં આવી છે.

(A) લખતર (B) ગુનેરી
(C) નારાયણ સરોવર (D) નળ સરોવર

109. ગુજરાતમાં નીચેના પૈકી કઈ ''રામસર સાઈટ'' છે?

i. થોળ વનજીવ અભ્યારણ
ii. વઢવાણ તળાવ
iii. ખીજડિયા પક્ષી અભ્યારણ

(A) ફક્ત i અને ii (B) ફક્ત i અને iii
(C) ફક્ત ii અને iii (D) દર્શાવેલ તમામ

110. જંગલો અને વન્ય પ્રાણીઓની સુરક્ષા માટેની સંસ્થા, ''વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર'' (WWF) – વિશ્વ પ્રકૃતિનિધિનું પ્રતિક ________ છે.

(A) સિંહ (B) રીંછ
(C) કાંગારૂ (D) ચિમ્પાન્ઝી

111. બેઝલ સંમેલન (Basel Convention) બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) જોખમી કચરાના ઉત્પાદનમાં ઘટાડો અને તેના યોગ્ય નિકાલ માટે વ્યવસ્થાપન અંગેની સમજૂતી છે.
(B) તે કિરણોત્સર્ગી કચરાને આવરી લેતું નથી.
(C) A અને B બન્ને
(D) A અને B પૈકી કોઈ નહીં

112. ''પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન સુધારા નિયમો'' અનુસાર એકલ ઉપયોગ પ્લાસ્ટિક વસ્તુઓ અને ________ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી પ્લાસ્ટિકની થેલીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

(A) 80 (B) 100
(C) 120 (D) 140

113. ભારતના ચોથા દ્વિવાર્ષિક અપડેટ રિપોર્ટ (BUR-4)માં વર્ષ 2019ની સરખામણીમાં વર્ષ 2020માં ગ્રીન હાઉસ વાયુનાં ઉત્સર્જનમાં ________ નો ઘટાડો નોંધાયા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

(A) 4.93%
(B) 5.93%
(C) 7.93%
(D) 9.93%

114. ''પીએમ-કુસુમ યોજના'' બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) આ યોજનાનો ઉદ્દેશ્ય રૂફટોપ સોલર સિસ્ટમ દ્વારા એક કરોડ પરિવારોને મફત વીજળી પૂરી પાડવાનો છે.
(B) આ યોજના ખેડૂતોને સ્ટેન્ડઅલોન સોલર પંપ સ્થાપિત કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડે છે.
(C) A અને B બન્ને
(D) A અને B પૈકી કોઈ નહીં.

115. ''રાષ્ટ્રીય બાયોફ્યુઅલ નીતિ'' અનુસાર 2025-26 સુધીમાં પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણનું ________ લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

(A) 20%
(B) 30%
(C) 40%
(D) 50%

116. નવા અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય અનુસાર બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતો હવે કુલ ક્ષમતામાં ________ ફાળો આપે છે.

(A) 39%
(B) 49%
(C) 59%
(D) 69%

117. પ્રોટીનનું પાચન થઈ કયો સરળ પદાર્થ બને છે?

(A) ગ્લુકોઝ
(B) સેલ્યુલોઝ
(C) ફેટિ એસિડ
(D) એમિનો એસિડ

118. નીચેના પૈકી કોણ થરમોમીટરના શોધક છે?

(A) ગેલેલિયો
(B) લૂઈ પાશ્વર
(C) જેમ્સ વોટ
(D) વોલ્ટા

119. ________ એ પ્રથમ ભારતીય સેટેલાઈટ, આર્યભટ્ટના નિર્માણ અને પ્રક્ષેપણ માટેનો પ્રોજેક્ટ શરૂ કર્યો.

(A) ડૉ. વિક્રમ સારાભાઇ
(B) ડૉ. જગદીશચંદ્ર બોઝ
(C) ડૉ. હોમી ભાભા
(D) ડૉ. સી.વી. રામન

120. ________ જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે.

(A) આકાશ
(B) અસ્ત્ર
(C) અગ્નિ-V
(D) પૃથ્વી-I

121. નીચેના પૈકી કયુ ભારતનું પ્રથમ પરમાણુ રિએક્ટર છે?

(A) સપના
(B) અપ્સરા
(C) ધ્રુવ
(D) સપ્તર્ષિ

122. લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ - ''તેજસ'' ________ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

(A) ISRO - ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન
(B) DRDO - ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન
(C) HAL - હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ
(D) IAC - ઈન્ડિયન એરક્રાફ્ટ કંપની

123. માનવને અવકાશમાં મોકલવાના ભારતના મહત્વાકાંક્ષી મિશનનું નામ શું છે?

(A) ગગનયાન
(B) વાયુયાન
(C) ગરૂડરથ
(D) વાયૂદૂત

124. વિમાનની પાંખોની કાર્યપધ્ધતિ બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) વિમાનની પાંખો બર્નૌલીના સિધ્ધાંતને અનુસરે છે.
(B) વિમાનની પાંખો ન્યુટનના ગતિના ત્રીજા નિયમને અનુસરે છે.
(C) A અને B બન્ને
(D) A અને B પૈકી કોઈ નહીં.

125. જે રિએક્ટર વપરાશના ઈંધણ કરતા વધુ ઈંધણ ઉત્પન્ન કરે છે તેને ________ કહેવામાં આવે છે.

(A) ફાસ્ટ રિએક્ટર
(B) બ્રીડર રિએક્ટર
(C) થર્મલ રિએક્ટર
(D) સ્લો રિએક્ટર

126. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) એ Su-30 MKI એરક્રાફ્ટમાંથી લાંબી પહોંચ મર્યાદાના ગ્લાઈડ બોમ્બ (Long Range Glide Bomb) ________ ના રીલીઝ પરીક્ષણો સફળતાપૂર્વક હાથ ધર્યા.

(A) કેદાર
(B) અભિમન્યુ
(C) સહસ્ત્ર
(D) ગૌરવ

127. સાગરિકા મિસાઈલ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?
   i. તે K-15 નામે પણ ઓળખવામાં આવે છે.
   ii. તે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસાવવામાં આવી છે.
   iii. તે સબમરીન-લોન્ચ બેલિસ્ટિક મિસાઈલ (SLBM) છે.
   (A) ફક્ત i અને ii
   (B) ફક્ત ii અને iii
   (C) ફક્ત i અને iii
   (D) દર્શાવેલ તમામ

128. ________ એ સંસ્થાઓ દ્વારા ડિજિટલ માધ્યમથી જારી કરાયેલા શૈક્ષણિક પ્રમાણપત્રો માટેનું ડિજિટલ સ્ટોરહાઉસ છે.
   (A) NAD
   (B) SWAYAM
   (C) Digi Locker
   (D) MOOCs

129. ________ એ ઈ-કોમર્સનો એક પ્રકાર છે જેમાં કંપની અને ગ્રાહકનો સમાવેશ થાય છે.
   (A) B2B
   (B) B2C
   (C) C2C
   (D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

130. નીચેના પૈકી કયાં સાયબર સુરક્ષાના પ્રકાર છે?
   i. કલાઉડ સુરક્ષા
   ii. નેટવર્ક સુરક્ષા
   iii. એપ્લિકેશન સુરક્ષા
   (A) ફક્ત i અને ii
   (B) ફક્ત ii અને iii
   (C) ફક્ત i અને iii
   (D) દર્શાવેલ તમામ

131. ભારત વિશ્વનું ________ સૌથી મોટું રેલ્વે નેટવર્ક ધરાવે છે.
   (A) બીજુ
   (B) ત્રીજુ
   (C) ચોથું
   (D) પાંચમુ

132. પ્રજાસત્તાક દિવસ 2025ની ઉજવણી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?
   i. મલેશિયાના વડાપ્રધાન પ્રજાસત્તાક દિવસની પરેડના મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.
   ii. આ વર્ષના ટેબ્લોની મુખ્ય વિષય વસ્તુ "સ્વર્ણિમ ભારત : વિરાસત ઔર વિકાસ" હતી.
   iii. ઉત્તર પ્રદેશના મહાકુંભના ટેબ્લોએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.
   (A) ફક્ત i અને ii
   (B) ફક્ત ii અને iii
   (C) ફક્ત i અને iii
   (D) દર્શાવેલ તમામ

133. હાલ ________ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) ના અધ્યક્ષ તરીકે કાર્યરત છે.
   (A) ડૉ. જી. માધવન નાયર
   (B) ડૉ. કે. કસ્તુરીરંગન
   (C) ડૉ. એસ. સોમનાથ
   (D) વી. નારાયણન

134. વર્ષ ________ સુધીમાં 500 ગીગાવોટ બિન-અશ્મિભૂત ઈંધણ આધારિત ઊર્જાક્ષમતા (Non-fossil fuel based energy capacity) હાંસલ કરવાની પ્રતિબધ્ધતા સાથે ભારત સ્વચ્છ ઊર્જામાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી રહ્યું છે.

(A) 2030
(B) 2035
(C) 2040
(D) 2045

135. ગુજરાતમાં નીચેના પૈકી કોને ''જીઆઈ ટેગ'' (GI Tag) મળેલ છે?

i. ગીર કેસર કેરી
ii. કચ્છી ખારેક
iii. અમલસાડ ચીકુ

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) દર્શાવેલ તમામ

136. ભારતીય કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસના સહયોગથી ભારતીય સેના દ્વારા ગુજરાતના ________ ખાતે ''જલ-થલ-રક્ષા 2025'' લશ્કરી કવાયત હાથ ધરવામાં આવી હતી.

(A) બેટ દ્વારકા
(B) માધવપુર ઘેડ
(C) અહેમદપુર માંડવી
(D) ચોરવાડ

137. ભારતના સંરક્ષણ મંત્રાલયે, T-72 ટેન્ક માટે 1000 HP એન્જિનોની ખરીદી માટે $ 248 મિલિયનના સોદા પર ________ સાથે કરાર કર્યો છે.

(A) ફ્રાન્સ
(B) યુ.એસ.એ.
(C) રશિયા
(D) જર્મની

138. 2025ના વર્લ્ડ હેપીનેસ અહેવાલ મુજબ ________ સતત આઠમા વર્ષે વિશ્વના સૌથી ખુશ દેશ તરીકે રહ્યું છે.

(A) સ્વીડન
(B) ફિનલેન્ડ
(C) ન્યુઝીલેન્ડ
(D) આઈસલેન્ડ

139. ભારત અને ________ એ મેરીટાઈમ ડિજીટલાઈઝેશન અને ડીકાર્બોનાઈઝેશન બાબતે સહકાર અંગેનો કરાર કર્યો છે.

(A) શ્રીલંકા
(B) સિંગાપુર
(C) ઈન્ડોનેશિયા
(D) યુ.એ.ઈ.

140. તાજેતરમાં ________ અને ભારતીય નૌકાદળે સ્વદેશી રીતે વિકસિત વર્ટિકલી-લોન્ચ્ડ શોર્ટ-રેન્જ સરફેસ-ટુ-એર મિસાઈલ (VLSRSAM)નું સફળ ઉડાન-પરીક્ષણ કર્યું.

(A) સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)
(B) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)
(C) નાસા (NASA)
(D) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)

141. 2025ના ''આંતરરાષ્ટ્રિય યોગ દિવસ''ના સંદેશા તરીકે ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા નીચેના પૈકી કયુ સૂત્ર આપવામાં આવ્યું?

(A) વિશ્વ શાંતિ યોગ દ્વારા (World Peace through Yoga)
(B) એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ (Yoga for One Earth, One Health)
(C) મનની શાંતિ-યોગ (Peace of Mind - Yoga)
(D) યોગ-વૈશ્વિક ધર્મ (Yoga - Global Religion)

142. ________ આગામી બે વર્ષ માટે BIMSTEC નું અધ્યક્ષપદ સંભાળશે.

(A) શ્રીલંકા
(B) ભારત
(C) બાંગ્લાદેશ
(D) મ્યાનમાર

143. તાજેતરમાં ભારતે આશરે ₹63,000 કરોડની કિંમતના 26 રાફેલ-મરીન ફાઈટર જેટ ખરીદવા માટે ________ સાથે એક મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

(A) ફ્રાન્સ
(B) જર્મની
(C) જાપાન
(D) યુ.એસ.એ.

144. તાજેતરમાં ભારતે ________ ના કૃષિમંત્રીની ભારતની મુલાકાત દરમ્યાન કૃષિ ઉત્પાદકતામાં સુધારો કરવા માટે અદ્યતન તકનીકોના ઉપયોગ અને કાર્યક્ષમ જળ વ્યવસ્થાપન પદ્ધતિઓના ઉપયોગ પર ભાર મૂકતા કૃષિ સહકારને મજબૂત કરવા કરાર કર્યો હતો.

(A) નેધરલેન્ડ
(B) ઈઝરાયેલ
(C) જાપાન
(D) સ્વીડન

145. ''નિવેષક દીદી'' બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

(A) તે ગ્રામીણ મહિલાઓમાં વિત્તીય (નાણાંકીય) સાક્ષરતામાં વધારો કરવા માટેની પહેલ છે.
(B) ''નિવેષક દીદી'' મહિલા ટપાલ કાર્યકરો અને સમુદાયના નેતાઓને તેમના સ્થાનિક પ્રદેશોમાં નાણાંકીય શિક્ષક તરીકે કાર્ય કરવા તાલીમ આપે છે.
(C) A અને B બન્ને
(D) A અને B પૈકી કોઈ નહીં.

**146.** ભારતીય રિઝર્વ બેંકે જૂન 2025માં તેના નાણાંકીય નીતિના નિર્ણયમાં રેપો રેટમાં 50 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ________% કર્યો હતો.

(A) 6.50 (B) 6.00
(C) 5.50 (D) 5.00

**147.** ગુજરાતના એક મહત્વપૂર્ણ ડ્રોન પ્રોજેક્ટ (GP-DRASTI) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ગુજરાત રાજ્યમાં કોઈપણ ઘટના બનતા પોલીસનો રિસ્પોન્સ ટાઈમ ઘટાડવો અને રિસ્પોન્સને વધુ અસરકારક બનાવવાનો છે.

ii. આ પ્રોજેક્ટ મુખ્યત્વે સ્કૂલ-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનની રૂચિ વધે તે માટે શરૂ કરવામાં આવ્યો છે.

iii. આ ડ્રોન પ્રોજેક્ટનો પાયલોટ પ્રોજેક્ટ અમદાવાદ અને સુરત ખાતે કરવામાં આવ્યો હતો.

(A) ફક્ત i અને ii (B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii (D) દર્શાવેલ તમામ

**148.** ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરીકે પંચાયતોને બંધારણીય દરજ્જો આપતો 73માં બંધારણીય સુધારા અધિનિયમ, 1992ના 32 વર્ષ પૂરા કરવાની યાદગીરી સ્વરૂપે રાષ્ટ્રએ ________ ના રોજ રાષ્ટ્રીય પંચાયતી દિવસની ઉજવણી કરી.

(A) 1 મે (B) 26 જાન્યુઆરી
(C) 15 ફેબ્રુઆરી (D) 24 એપ્રિલ

**149.** તાજેતરમાં ________ એ એક નવા હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યું છે જે મેગ્નેશિયમ હાઈડ્રાઈડનો ઉપયોગ કરીને ઉચ્ચ ગરમીની તીવ્રતા ધરાવતા બિન-પરમાણુ અગનગોળાની રચના કરે છે જે લક્ષિત લશ્કરી સંપત્તિનો નાશ કરી શકે છે.

(A) રશિયા (B) ઈઝરાયેલ
(C) ચીન (D) જર્મની

**150.** તાજેતરમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડ (NSAB)નું પુનર્ગઠન કરી ભૂતપૂર્વ RAWના વડા ________ ને તેના અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

(A) આલોક જોશી (B) રાજીવ રંજન વર્મા
(C) રાજેશ મહેતા (D) કર્નલ જાનકીનાથન્

**151.** તાજેતરમાં ભારતીય વાયુસેના (IAF) એ ________ પર લડાકુ વિમાનોનું ફ્લાયપાસ્ટ અને લેન્ડિંગ કવાયત કરીને તેની ઓપરેશનલ તૈયારી કરી હતી.

(A) અમદાવાદ - વડોદરા એક્સપ્રેસવે (B) મુંબઈ-પૂના એક્સપ્રેસવે
(C) આગ્રા-લખનઉ એક્સપ્રેસવે (D) ગંગા એક્સપ્રેસવે

152. બેસલ, રોટરડેમ અને સ્ટોકહોમ (BRS) સંમેલનો માટે COPs 2025ની પરિષદ તાજેતરમાં ________ ખાતે યોજાઈ હતી.

(A) નવી દિલ્હી (B) પેરિસ

(C) જીનીવા (D) એમ્સ્ટર્ડમ

153. ગ્રીન એનર્જી અને ટકાઉ પરિવહનની દિશામાં એક મહત્વની પહેલના ભાગરૂપે તાજેતરમાં રેલ્વે મંત્રાલયે ________ ખાતે રેલ્વે ટ્રેકની વચ્ચે દેશની પ્રથમ 70 મીટર લાંબી રિમૂવેબલ સોલર પેનલ સિસ્ટમ સ્થાપિત કરી છે.

(A) ચાણસ્મા (B) વારાણસી

(C) નાગપુર (D) વડનગર

154. ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમના મુખ્ય શિલ્પિ અને અણુ ઉર્જા આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષ ________ નું તાજેતરમાં અવસાન થયું છે.

(A) ડૉ. એમ. આર. શ્રીનિવાસન

(B) ડૉ. કે. કે. સ્વામીનાથન્

(C) ડૉ. પી. યુ. રામાનાથન્

(D) ડૉ. પી. કે. ગોપાલન

155. દેશના વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં ________ ખાતે રોલિંગ સ્ટોક વર્કશોપ સુવિધામાં ઉત્પાદિત પ્રથમ 9000 હોર્સપાવર લોકોમોટિવ એન્જિનનું ઉદ્ઘાટન કર્યું હતું.

(A) સાબરમતી (B) ભૂજ

(C) વડોદરા (D) દાહોદ

156. ગુજરાતમાં સિંહોની વસ્તીમાં પાંચ વર્ષના સમયગાળા દરમિયાન નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જેમાં 2020 થી 2025 ના સમયગાળા સુધીમાં સિંહોની વસ્તીમાં આશરે ________ નો વધારો નોંધાયો છે અને તેની કુલ સંખ્યા 891 પર પહોંચી છે.

(A) 12% (B) 22%

(C) 32% (D) 42%

157. ભારતના પોસ્ટ વિભાગ દ્વારા ભારતના ''એડ્રેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર''ને આધુનિક બનાવવાના તેના મિશનના ભાગરૂપે તાજેતરમાં નીચેના પૈકી કયા ડિજિટલ પ્લેટફોર્મની શરૂઆત કરી?

(A) Know Your DIGIPIN

(B) Know Your PIN

(C) A અને B બન્ને

(D) A અને B પૈકી કોઈ નહીં.

158. નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?
(A) તાજેતરમાં દેશના વડાપ્રધાનશ્રીએ વિશ્વના સૌથી ઊંચા રેલ્વે કમાન પુલ-ચિનાબ પુલનું ઉદ્‌ઘાટન કર્યું.
(B) તાજેતરમાં દેશના વડાપ્રધાનશ્રીએ ભારતના પ્રથમ કેબલ સ્ટેન્ડ પુલ-અંજી પુલનું ઉદ્‌ઘાટન કર્યું.
(C) A અને B બન્ને
(D) A અને B પૈકી કોઇ નહીં.

159. વાઘના અભ્યાસ અને તેના સંરક્ષણ માટે જીવન સમર્પિત કર્યું એવા ભારતના 'ટાઇગરમેન' તરીકે ઓળખાતા ________ નું તાજેતરમાં અવસાન થયું હતું.
(A) વાલ્મિક થાપર
(B) સલીમ અલી
(C) જેક વેટ્રિઆનો
(D) એમ. આર. શ્રીનિવાસન

160. તાજેતરમાં ________ માં આવેલ વીર સાવરકર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં યોજાયેલ ''કોમનવેલ્થ વેઇટ લિફ્ટીંગ સ્પર્ધા''માં મીરાબાઇ ચાનુએ કોમનવેલ્થ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
(A) નવી દિલ્હી
(B) નાગપુર
(C) અમદાવાદ
(D) મુંબઇ

161. પરેશ એક કામ 5 દિવસમાં અને નિલેશ તે જ કામ 10 દિવસમાં પૂરૂં કરે છે. જો બન્ને સાથે તે કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પૂરૂં થશે?
(A) 7.5 દિવસ
(B) $\frac{25}{3}$ દિવસ
(C) $\frac{10}{3}$ દિવસ
(D) દર્શાવેલ પૈકી કોઇ નહીં.

162. એક સંખ્યાને 91 વડે ભાગવામાં આવે ત્યારે 65 શેષ વધે છે. જો તે જ સંખ્યાને 13 વડે ભાગવામાં આવે તો કેટલી શેષ વધશે?
(A) 0
(B) 11
(C) 35
(D) દર્શાવેલ પૈકી કોઇ નહીં.

163. 10 સભ્યોના એક જૂથમાં 5 સભ્યોની સરેરાશ ઉંચાઇ 5.2 ફૂટ છે. જો બાકીના 5 સભ્યોની સરેરાશ ઉંચાઇ 5.6 ફૂટ હોય, તો તે જૂથની સરેરાશ ઉંચાઇ કેટલી થશે?
(A) 5.24 ફૂટ
(B) 5.25 ફૂટ
(C) 5.30 ફૂટ
(D) દર્શાવેલ પૈકી કોઇ નહીં.

**164.** એક ટ્રેનની ઝડપ 120 કિ.મી./કલાક અને તેની લંબાઈ 240 મીટર છે. તો તેને એક થાંભલાને પસાર કરતા કેટલો સમય લાગશે?

(A) 2.4 સેકન્ડ
(B) 7.8 સેકન્ડ
(C) 7.2 સેકન્ડ
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**165.** નીચેની શ્રેણીમાં (?) ને સ્થાને કઈ સંખ્યા આવશે?

1, 5, (?), 19, 29, .....

(A) 11
(B) 13
(C) 15.5
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**166.** એક 6 બાજુના પાસાને ફેંકવામાં આવે છે, તો તેની પર બેકી સંખ્યા આવે તેની સંભાવના કેટલી?

(A) 1/3
(B) 1/4
(C) 1/5
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**167.** જો બે સંખ્યાનું ગુણનફળ 120 અને તેમના વર્ગોનો સરવાળો 289 હોય તો તે બે સંખ્યાઓ પૈકી મોટી સંખ્યા કઈ હશે?

(A) 12
(B) 15
(C) 24
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**168.** ₹1400 નું 3.5% ના વ્યાજ દરે 3 વર્ષનું સાદું વ્યાજ કેટલું થશે?

(A) ₹126
(B) ₹147
(C) ₹350
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**169.** એક વિક્રેતા 6 ચોકલેટ પ્રતિ 1 રૂપિયાના દરે કેટલીક ચોકલેટ ખરીદે છે. જો તેને 20% નફો મેળવવો હોય તો તેણે પ્રતિ 1 રૂપિયે કેટલી ચોકલેટ વેચવી પડશે?

(A) 5
(B) 8
(C) 3
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**170.** એક લંબચોરસની પરિમિતી અને તેની પહોળાઈનો ગુણોત્તર 5 : 1 છે. જો તેનું ક્ષેત્રફળ 216 ચો.મી. હોય તો તે લંબચોરસની લંબાઈ કેટલી હશે?

(A) 15 મીટર
(B) 12 મીટર
(C) 18 મીટર
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**171.** બે સંખ્યાઓ 52 અને 252 નો ગુ.સા.અ. કેટલો થશે?

(A) 2
(B) 4
(C) 13
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

172. ₹25000 નું 12% વાર્ષિક વ્યાજ દરે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે?

(A) ₹6350
(B) ₹6630
(C) ₹6360
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

173. જો કોઈ સમઘનની દરેક બાજુની લંબાઈ 50% જેટલી વધારવામાં આવે તો તે સમઘનના ઘનફળમાં કેટલા ટકાનો વધારો થશે?

(A) 237.5%
(B) 273.5%
(C) 327.5%
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

174. એક બાળકનો પરિચય કરાવતા એક પુરૂષે કહ્યું, ''તે મારા પિતાની એકમાત્ર પુત્રીનો પુત્ર છે.'' તો તે પુરુષ તે બાળકના કોણ થાય?

(A) કાકા
(B) દાદા
(C) મામા
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

175. એક વર્તુળની ત્રિજ્યા 14 સેમી હોય તો તેનો પરિઘ કેટલો થશે? ($\pi = 22/7$)

(A) 44 સેમી
(B) 88 સેમી
(C) 176 સેમી
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

176. એક કાટકોણ ત્રિકોણના કર્ણની લંબાઈ 26 સેમી અને તેની એક બાજુની લંબાઈ 10 સેમી. હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 70 ચો.સેમી.
(B) 130 ચો.સેમી.
(C) 276 ચો.સેમી.
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

177. 0.000216 નું ઘનમૂળ કેટલું થશે?

(A) 0.6
(B) 0.06
(C) 0.66
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

178. $(256)^{0.16} \times (256)^{0.09} = ?$

(A) 16
(B) 32
(C) 64
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

179. તમામ 2 અંકની બેકી સંખ્યાઓનો મધ્યક કેટલો થશે?

(A) 54
(B) 55
(C) 56
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**180.** P, Q અને R ભાગીદારીમાં એક વ્યવસાય શરૂ કરે છે, જેમાં તેમનું રોકાણ અનુક્રમે ₹25000, ₹30000 અને ₹35000 છે. જો કુલ નફો ₹18720 હોય તો P ને કેટલા રૂપિયા મળ્યા હશે?

(A) ₹6240

(B) ₹6420

(C) ₹6640

(D) દર્શાવેલ પૈકી કોઇ નહીં.

**181.** નીચે આપેલ માહિતીનો મધ્યસ્થ કેટલો થશે?

5, 9, 10, 6, 9, 8, 12

(A) 8 (B) 8.5

(C) 9 (D) 10

**182.** નીચે આપેલ આવૃત્તિ વિતરણનો બહુલક કેટલો થશે?

| સંખ્યા | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
|---|---|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 30 | 80 | 120 | 150 | 140 | 170 | 90 |

(A) 9 (B) 12

(C) 10 (D) દર્શાવેલ પૈકી કોઇ નહીં.

**183.** J, K અને N એ ત્રણ સગા ભાઈ છે. જો નીચે આપેલ તમામ વિધાનો સત્ય હોય તો ત્રણેય પૈકી સૌથી નાનો ભાઈ કોણ છે?

વિધાનો : i. K એ N કરતા વયમાં મોટો છે.

ii. J ના જન્મના 3 મહિના પહેલા K નો ત્રીજો જન્મ દિવસ ઉજવાયો હતો.

iii. J અને N વચ્ચે 2 વર્ષનું અંતર છે.

(A) J (B) N

(C) K (D) માહિતી પર્યાપ્ત નથી.

**184.** જો કોઈ વ્યક્તિ પશ્ચિમ દિશા તરફ ચાલવાનું શરૂ કરી પોતાની જમણી તરફ કાટખૂણે વળી જાય છે. તો હવે તે કઈ દિશામાં જઈ રહ્યો હશે?

(A) દક્ષિણ (B) ઉત્તર

(C) નૈઋત્ય (D) ઈશાન

**185.** એક સાંકેતિક ભાષામાં "WALK" નો સંકેત "VBKL" હોય તો "PAWN" નો સંકેત કયો થશે?

(A) OBXO (B) QBWO

(C) OZVM (D) દર્શાવેલ પૈકી કોઇ નહીં.

**(નિર્દેશ : 186–187)** આપેલા વિધાનો આપેલા પ્રશ્નનો ઉત્તર આપવા પર્યાપ્ત છે કે કેમ તે ચકાસી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

**186.** x નું મૂલ્ય કેટલું છે?

વિધાન - 1 : $x + 5 = 12$

વિધાન - 2 : $x > 3$

(A) વિધાન – 1 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(B) વિધાન – 2 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(C) બન્ને વિધાનો એકસાથે પણ ઉત્તર આપી શકવા પર્યાપ્ત નથી.

(D) ઉત્તર મેળવવા માટે બન્ને વિધાનો આવશ્યક છે.

**187.** બે વ્યક્તિઓ X અને Y પરસ્પર કયા સંબંધથી જોડાયેલા છે?

વિધાન - 1 : X એ M નો ભાઈ છે. જ્યારે Y એ Z ની ભત્રીજી છે.

વિધાન - 2 : Z એ X ના પિતાના સગા મોટા ભાઈ છે.

(A) વિધાન – 1 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(B) વિધાન – 2 એકલું જ ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(C) બન્ને વિધાનો સાથે પણ ઉત્તર આપી શકતા નથી.

(D) ઉત્તર મેળવવા માટે બન્ને વિધાનો આવશ્યક છે.

**188.** 343 : 7 :: 1331 : ?

(A) 13

(B) 11

(C) 17

(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**189.** એક મિશ્રણમાં દૂધ અને પાણી 5 : 9 ના ગુણોત્તરમાં છે. આ મિશ્રણમાં 5 લિટર પાણી ઉમેરવામાં આવે તો દૂધ અને પાણીનો નવો ગુણોત્તર 5 : 11 થાય છે. તો શરૂઆતમાં આ મિશ્રણમાં કેટલું પાણી હશે?

(A) 12.5 લિટર

(B) 22.5 લિટર

(C) 17.5 લિટર

(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**190.** 36, 75 અને 108 વડે વિભાજ્ય હોય એવી 5 અંકની નાનામાં નાની સંખ્યા કઈ છે?

(A) 10200

(B) 10540

(C) 10800

(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**191.** પ્રમોદની આજની ઉંમર કૈલાસની આજની ઉંમર કરતાં 10 વર્ષ ઓછી છે. આજથી 5 વર્ષ પહેલા પ્રમોદની તે સમયની ઉંમર અને કૈલાસની તે સમયની ઉંમરનો ગુણોત્તર 3 : 5 હોય તો પ્રમોદની આજની ઉંમર કેટલી હશે?

(A) 20 વર્ષ

(B) 35 વર્ષ

(C) 25 વર્ષ

(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

192. નીચે પૈકી કઇ સંખ્યા વડે સંખ્યા 754853 પૂર્ણ વિભાજ્ય છે?

(A) 7
(B) 21
(C) 1793
(D) 68611

**(નિર્દેશ : 193–195) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

એક કુટુંબમાં P, Q, R, S, T, U અને V એમ સાત સભ્યો છે. જે પૈકી ત્રણ સ્ત્રીઓ અને બે વિવાહિત યુગલ છે. કુટુંબનો દરેક સભ્ય અલગ વ્યવસાયમાં છે, જે આ મુજબ છે. સ્થપતિ, શિક્ષક, વકીલ, દાકતર, ઈજનેર, અધિકારી અને સંગીત નિર્દેશક (જે ક્રમાનુસાર હોય તે જરૂરી નથી.)

Q એક વકીલ છે અને તેની પત્ની U એક અધિકારી છે. V એ સ્થપતિનો વ્યવસાય કરે છે. જેનો ભાઈ P છે. R એક અપરિણિત મહિલા દાકતર છે. S એક શિક્ષિકા છે અને V ની બહેન છે. T એ R ના પિતા છે, તેઓ ઈજનેર નથી. U એ V ની માતા છે.

193. આપેલી માહિતીના આધારે નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) P અને Q ભાઇઓ છે.
(B) T સંગીત નિર્દેશક છે.
(C) P, R અને V એક જ માતાપિતાના સંતાનો છે.
(D) દર્શાવેલ ત્રણેય વિકલ્પો સાચા છે.

194. Q અને T વચ્ચે ક્યો સંબંધ છે?

(A) પિતા-પુત્ર
(B) દાદા-પૌત્ર
(C) સસરા-જમાઈ
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

195. આપેલ કુટુંબમાં ત્રણ સ્ત્રીઓ કોણ છે?

(A) U, S, R
(B) P, R, U
(C) T, S, V
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

196. $\Delta ABC$ માં, $\angle A = 35^\circ$, $\angle C = 95^\circ$ હોય તો $\angle B = ?$

(A) $50^\circ$
(B) $55^\circ$
(C) $45^\circ$
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

197. ત્રણ મિત્રોની હાલની ઉંમરનો સરવાળો 102 વર્ષ છે. તો આજથી 7 વર્ષ પહેલા તેમની ઉંમરનો સરવાળો તે સમયે કેટલો હશે?

(A) 95 વર્ષ
(B) 91 વર્ષ
(C) 81 વર્ષ
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**198.** આનંદ પાસે સરખી સંખ્યામાં 1 રૂપિયો, 2 રૂપિયા અને 5 રૂપિયાના સિક્કા છે. જો તે સિક્કાઓની કુલ કિંમત ₹ 320 થતી હોય તો તેની પાસે કુલ કેટલા સિક્કા હશે?

(A) 117
(B) 120
(C) 126
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**199.** 3.2% of 500 × 2.4% of (?) = 288

(A) 600
(B) 688
(C) 750
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

**200.** $(17)^2 + \sqrt{441} + (6)^3 - (8)^2 + 38$ નું મૂલ્ય કેટલું થશે?

(A) 226
(B) 228
(C) 282
(D) દર્શાવેલ પૈકી કોઈ નહીં.

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના
પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.